ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ
મધ્યસ્થ કચેરી, રાણીપ બસ સ્ટેશન પાસે,
રાણીપ, અમદાવાદ.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (હવે પછીથી નિગમ ધ્વારા ઉલ્લેખ કરવામા આવશે) ધ્વારા નીચે જણાવેલ કક્ષાની સીધી ભરતી <u>(ફીક્સ પગાર)</u> ની જગ્યાઓ અન્વયે પસંદગીયાદી / પ્રતીક્ષાયાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. જેમાં ઉમેદવારે photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો રહેશે.

ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારે પોતાનો જ ફોટો તથા સહી અપલોડ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

અરજી કરવાની વિગતવાર સુચનાઓ / જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય લાયકાતનાં બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિં.

નીચે દર્શાવેલ કક્ષા સંબંધિત તમામ સુચનાઓ નિગમની વેબસાઈટ https://gsrtc.in પર મુકવામાં આવશે જેથી અરજદારે સમયાંતરે નિગમની વેબસાઈટ અચૂક જોવાની રહેશે. અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને ઉમેદવારના હિતમાં છે.

**કક્ષાનું નામ - <u>કંડકટર</u>**
**ફીકસ પગાર** – પાંચ વર્ષ માટે રૂ.૧૮૫૦૦ /-
**કુલ જગ્યાઓ – ૩૩૪૨**
**ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો:- તા.૦૭/૦૮/૨૦૨૩ થી તા.૦૬/૦૯/૨૦૨૩ (૨૩:૫૯ કલાક સુધી)**
**અરજી પત્રકની ફી સ્વિકારવાનો સમયગાળો:- તા.૦૭/૦૮/૨૦૨૩ થી તા.૦૮/૦૯/૨૦૨૩ (૨૩:૫૯ કલાક સુધી)**

| | કુલ જગ્યા | બિન અનામત | | આર્થિક રીતે નબળો વર્ગ (E.W.S.) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી. સૈનિક | દિવ્યાંગ |
| ફાળવણી | ૧૨૯૯ | ૩૦૭ | ૧૫૧ | ૨૦૧ | ૯૮ | ૨૦૧ | ૯૮ | ૫૨ | ૨૫ | ૧૧૨ | ૫૪ | ૧૨૯ | ૫૧ |
| ❖ શરતી (૧) | ૭૬૫ | ૨૧૨ | ૧૦૪ | ૫૧ | ૨૫ | ૧૩૯ | ૬૭ | ૩૬ | ૧૭ | ૭૭ | ૩૭ | ૭૬ | ૩૦ |
| ❖ શરતી (૨) | ૧૨૭૮ | ૩૫૩ | ૧૭૩ | ૮૬ | ૪૧ | ૨૩૨ | ૧૧૩ | ૬૦ | ૨૯ | ૧૨૮ | ૬૩ | ૧૨૭ | ૫૧ |
| કુલ | ૩૩૪૨ | ૮૭૨ | ૪૨૮ | ૩૩૮ | ૧૬૪ | ૫૭૨ | ૨૭૮ | ૧૪૮ | ૭૧ | ૩૧૭ | ૧૫૪ | ૩૩૨ | ૧૩૨ |

❖ <u>**શરતી (૧) : સદર ૭૬૫ કંડકટરોની ભરતીની જાહેરાત સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ કરવામાં આવે છે. જો સરકારશ્રી ધ્વારા પસંદગીયાદી બનાવતા સુધીમાં મંજુરી આપવામાં આવશે તો ૭૬૫ કંડકટરોની ભરતી કરવામાં આવશે. જો મંજુરી ન મળે તો આપેલ જાહેરાતની સંખ્યામાંથી ૭૬૫ બાદ કરીને બાકી રહેલ જગ્યાઓની ભરતી પુર્ણ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે જેની નોધ લેશો.**</u>

❖ **<u>શરતી (૨) : સદર ૧૨૭૮ કંડકટરોની ભરતીની જાહેરાત સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ કરવામાં આવે છે. જો સરકારશ્રી ધ્વારા પસંદગીયાદી બનાવતા સુધીમાં મંજુરી આપવામાં આવશે તો ૧૨૭૮ કંડકટરોની ભરતી કરવામાં આવશે. જો મંજુરી ન મળે તો આપેલ જાહેરાતની સંખ્યામાંથી ૧૨૭૮ બાદ કરીને બાકી રહેલ જગ્યાઓની ભરતી પુર્ણ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે જેની નોધ લેશો.</u>**

❖ **<u>આમ, જો ૭૬૫ ની સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવશે તો ૧૨૯૯ + ૭૬૫ = ૨૦૬૪ ની ભરતી પુર્ણ કરવામાં આવશે, જો ૧૨૭૮ ની સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવશે તો ૧૨૯૯ + ૧૨૭૮ = ૨૫૭૭ ની ભરતી પુર્ણ કરવામાં આવશે. જો ૭૬૫ + ૧૨૭૮ એમ બંનેની સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવશે તો ૧૨૯૯ + ૭૬૫ + ૧૨૭૮ = ૩૩૪૨ ની ભરતી પુર્ણ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે જેની નોધ લેશો.</u>**

❖ <u>આમ, **શરતી (૧) અને શરતી (૨) માં દર્શાવેલ વિગતે સરકારશ્રીની મંજુરી નહી મળ્યેથી** કુલ ૧૨૯૯ **જગ્યાઓની ભરતી પુર્ણ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે જેની નોધ લેશો.**</u>

## A. <u>મુખ્ય સુચનાઓ:-</u>

1) ઉપરોક્ત દર્શાવેલ જાહેરાતમાં જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.
2) **<u>ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક ભર્યા બાદ તેની એક પ્રિન્ટ આઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી જયારે નિગમ ધ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.</u>**
3) **<u>ઉપરોક્ત દર્શાવેલ જાહેરાતમાં જે જગ્યાઓની ભરતી કરવાની છે તે નિગમની આગામી નિવૃત્તિને ધ્યાનમાં રાખીને ભરતી કરવામાં આવે છે જેથી જેમ જેમ નિગમને જરૂરિયાત જણાશે તેમ તેમ પસંદગી / પ્રતિક્ષાયાદીના ઉમેદવારને નિગમ નિમણૂંક હુકમ આપવાની કાર્યવાહી કરશે.</u>**
4) જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર પદ્ધતિ બાબતેની નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.
5) જો ઉમેદવારે આ કક્ષામાં એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતિમ ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે, જે અંગે ઉમેદવાર કોઇ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.
6) કોઇપણ ઉમેદવારે એક થી વધુ અરજીપત્રક ભરેલ હોય અને અલગ-અલગ અરજીપત્રકમાં પોતાના નામ / પિતા/પતિના નામ અને અટકમાં સ્પેલીંગમાં મીસ્ટેક કરેલ હશે અથવા એન્ટ્રી કરવામાં સ્પેસ અલગ-અલગ રીતે રાખેલ હશે તેવા સંજોગોમાં એક જ ઉમેદવારને એક થી વધુ અરજીપત્રક સામે એક થી વધુ કોલલેટર મળવા પામશે તેવા સંજોગોમાં ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા સમયે રુબરૂ આઇ.ડી. પ્રુફ રજુ કર્યેથી આઇ.ડી.પ્રુફની વિગતો મુજબ સાચી માહિતીવાળા કોલલેટર સામે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા આપવા પાત્ર થશે. આઇ.ડી. પ્રુફ મુજબ અરજીપત્રકની વિગતોમાં ક્ષતિ / ભુલ હશે તો ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) પરીક્ષા આપવા દેવામાં આવશે નહિ.
7) ધો.૧૨ પાસમાં મેળવેલ મહત્તમ ટકાવારીના આધારે જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓ ધ્યાને લઈ, ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા માટે ૧:૧૫ ના રેશિયો મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવશે. ૧:૧૫ મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવે ત્યારે છેલ્લી કટ ઓફ મુજબની સરખી ટકાવારી ધરાવતા તમામ ઉમેદવારોને ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.
8) ૧૦૦ ગુણની ઓ.એમ.આર.પધ્ધતિથી હેતુલક્ષી લેખિત પરીક્ષામાં ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી સૌથી ઉંચુ મેરીટ ધરાવતા ઉમેદવારોની જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓ ધ્યાને લઈ મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ મેરિટ યાદીનાં આધારે આખરી દસ્તાવેજ ચકાસણી માટે ૧ જગ્યા સામે ૧.૫ (દોઢ) ગણા મુજબના ઉમેદવારોને અથવા નિગમની જરૂરિયાતના પ્રમાણમાં એક સાથે / તબક્કાવાર ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તેમાંથી યોગ્ય માલુમ પડ્યેથી પ્રોવિઝનલ પસંદગીયાદી / પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે.
9) આ જાહેરાત અન્વયે પસંદગી પામનાર ઉમેદવારોને નિગમની જરૂરિયાત મુજબ કોઇ પણ વિભાગ / ડેપો ખાતે નિમણૂંક આપવામાં આવશે અને તેઓ જે તે નિમણૂંકના વિભાગની પસંદગી યાદીના ગણાશે.